॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● જેઠ પૂનમ ● તા. ૨૪-૬-૨૦૨૧ ● ગુરુવાર SDP NO : 429 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ન્યુઝીલેન્ડ ટેસ્ટ ક્રિકેટ ચેમ્પિયન બન્યું

ભારત સામે ન્યુઝીલેન્ડનો ૮ વિકેટથી વિજય, ૯૧ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત ટેસ્ટ ચેમ્પિયન

હર હર YSK, હર ઘર YSK..

अपनेलिए नही अपनोके लिए

યુવા સુરક્ષા કવચ યોજના નું તોરણ ઘર ઘર શુશોભીત કરવાનું અભિયાન દક્ષિણ ગુજરાત વિસ્તાર માં બીલીમોરા સમાજ ના યુવાઓ દ્વારા કરવામાં આવેલ છે.

દક્ષિણ ગુજરાત રિજીયન બીલીમોરા યુવામંડળ દ્વારા આજરોજ ૩૦ નવા YSK સભ્યોને યોજનાથી સુરક્ષિત કરવામાં આવ્યા. જેના રજિસ્ટ્રેશન ના ફોર્મ કેન્દ્રીય ટીમ યુવાસંઘ ના સક્રિય સભ્ય મનસુખભાઇ જાદવાણી ને સ્થાનિક મંડળ દ્વારા અર્પણ કરવામાં આવ્યા છે..

બીલીમોરા યુવામંડળ અને નવા જોડાયેલ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન...

હર હર YSK .....

ઘર ઘર YSK....

YSK अपनेलिए नही... अपनोके लिए...

Mission YSK #Team DGR

કચ્છી મેવો એટલે ખારેકનું આ સિઝન નું આગમન થશે:

નખત્રાણા વિસ્તારની બરહી ખારેક પખવાડિયામાં બજારમાં આવશે

૧૦૦ વર્ષ સુધીનું આયુષ્ય ધરાવતું ખારેકનું વૃક્ષ ' ચાર પેઢીને તારે ' તેવી લોક વાયકા ૮૦ થી ૧૦૦ વર્ષ સુધીનું આયુષ્ય ધરાવતું ખારેકનું વૃક્ષ ' ચાર પેઢી ને તારે ' એવી લોકવાયકાને સાર્થક કરતા નખત્રાણા તાલુકાના નાના મોટા ગામના ખેડૂતોના વાડી વિસ્તારમાં આગામી પખવાડિયામાં સૂકા મેવા તરીકે ઓળખ ધરાવતી બરહી ખારેકનું આગમન થશે.

બરહી ખારેક ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓ તેમજ પશ્ચિમ બંગાળના કલકતા સુધી અને દક્ષિણ ભારત ના પોડીચેરી સુધી પહોંચે છે . પહેલા દેશી ખારેક છૂટી છવાઈ જોવા મળતી હતી . પરંતુ છેલ્લા એક દાયકાથી કચ્છના ખેડૂતોએ કૃષિ ક્ષેત્રે વિવિધ સંશોધનો અને વૈજ્ઞાનિક પદ્ધતિઓનો સમન્વય કરીને વિશ્વમાં શ્રેષ્ઠ ગણાતી બરહી ખારેકનું મોટા પ્રમાણમાં ઉત્પાદન મેળવવામાં સફળતા મેળવી છે.

મીઠી ને એકવાર જીભને મળતી તો સદાય ગમતી ભાવતી વિટામિન યુક્ત ખારેક ગત વર્ષે અતિ વરસાદે માજા મૂકી ને વરસાવ્યો ને તેમાં ખારેક ની મજા ના આવી પણ આ વર્ષે વાતાવરણ અને મોલ ના અણસાર સારા છે.

ખારેક શરીર ની ઈમ્યુનિટી વધારી આપે છે એટલે આ સમયે ત્રીજા વેવ ને તો ખારેક જ ભગાડસે જોજો...

ખારેક ખાવ ને કોરોના ભગાડો...

વેપાર-વાણિજ્ય

વેપારીઓને રાહત આપવાને મુદ્દે લડનારી જુદી-જુદી વેપારી સંસ્થાઓમાં જ અંદરોઅંદર વિવાદ; જાણો વિગત

કોરોનાને પગલે લાદવામાં આવેલાં નિયંત્રણોને પગલે છેલ્લા દોઢ વર્ષમાં નાના-મોટા વેપારીઓના કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. વેપાર-ધંધામાં થયેલા નુકસાનમાં રાહત આપવાની માગણી વેપારીઓની જુદી-જુદી સંસ્થાઓ દ્વારા સતત મુખ્ય પ્રધાનથી લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સુધી કરવામાં આવી છે. જોકે હવે વેપારીઓનું નેતૃત્વ કરતી જુદી-જુદી સંસ્થાઓમાં જ અંદરોઅંદર રાહત આપવાથી લઈને જુદી-જુદી માગણીઓ મુદ્દે મતભેદો સર્જાયા હોવાનું બહાર આવ્યું છે.

વેપારીઓનાં પાંચ ઍસોસિયેશને મળીને એક નવું સંગઠન ટ્રેડર્સ યુનાઈટેડ ફોરમ ઑફ મહારાષ્ટ્ર (TUFOM) બનાવ્યું છે. આ નવા સંગઠનમાં ચેમ્બર ઑફ ઍસોસિયેશન ઑફ મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રી ઍન્ડ ટ્રેડ (કૅમિટ), મહારાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સ ઇન્ડસ્ટ્રી ઍન્ડ ઍગ્રિકલ્ચર (MCCIA), ફેડરેશન ઑફ રિટેલ ટ્રેડર્સ વેલ્ફર ઍસોસિયેશન (FRTWA), સ્ટીલ યુઝર્સ ફેડરેશન ઑફ ઇન્ડિયા (SUFI) અને ધ મુંબઈ ગ્રેન ડીલર્સ ઍસોસિયેશન (MGDA)નો સમાવેશ થાય છે.

TUFOM દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વેપારીઓને રાહત આપવાની સાથે જુદી-જુદી માગણી સાથેનો પત્ર લખવામાં આવ્યો છે. જોકે અંદરોઅંદર રહેલા મતભેદને પગલે આ નવા સંગઠનમાં મહારાષ્ટ્રના વેપારીઓનું અગ્રણી ઍસોસિયેશન ગણાતા ફેડરેશન ઑફ ઍસોસિયેશન ઑફ મહારાષ્ટ્ર (FAM) અને ધ કૉન્ફેડરેશન ઑફ ઑલ ઇન્ડિયા ટ્રેડર્સ (KAIT) જોડાયું નથી. એથી વેપારીઓ સંસ્થો વચ્ચે અનેક મતભેદ હોવાનું ફરીથી સ્પષ્ટ થઈ ગયું છે.

અમદાવાદથી રાજકોટ વાયા ભુજની ફ્લાઈટ શરૂ થશે

ભુજ : રાજ્યમાં આંતરરાજ્ય ફ્લાઈટ શરૂ કરવા માટે કવાયત આરંભાઈ છે. ત્યારે ઉડાન યોજના અંતર્ગત અમદાવાદથી રાજકોટ વાયા ભુજની ફ્લાઈટ સેવા શરૂ કરવામાં આવે તેવો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે. ઉડાન યોજના હેઠળ શરૂ થનારી આ ફ્લાઈટ સેવાને મંજૂરી પણ મળી ગઈ છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ઓપરેટરો સાથે પરામર્શ થયા બાદ ઓગસ્ટ મહિનામાં આ ફ્લાઈટ શરૂ થાય તેવી સંભાવના છે. જેમાં ખાસ કરીને અમદાવાદ – ભુજ – રાજકોટ તેમજ અન્ય આંતર રાજ્ય સેવાઓમાં અમદાવાદથી પોરબંદર, સુરત, ભાવનગર અને અમરેલીની હવાઈ સેવાનો સમાવેશ થાય છે. ભુજને સાંકળતી ફ્લાઈટમાં ૭૨ પ્રવાસીઓની ક્ષમતા હશે. હાલમાં અમદાવાદ – કંડલા રૂટ વચ્ચે ઉડાન યોજના અંતર્ગત ફ્લાઈટ સેવા કાર્યરત છે. નોંધનીય છે કે, અગાઉ પણ આંતરરાજ્ય ફ્લાઈટ શરૂ થઈ છે, પરંતુ મોટાભાગના પ્રોજેકટનું બાળ મરણ થયું છે. આ કેસમાં પણ શરૂઆતથી વધારે ફોક્સ રખાશે તેમજ ભાવ નીચા હશે તો જ સેવાને પ્રતિસાદ મળશે.

પર્યાવરણની જાળવણીનાં ભાગરૂપે

ઔદ્યોગિક એકમોને ફરજિયાત ૨૦૦ વૃક્ષો વાવવા કરાઈ તાકીદ

પર્યાવરણની જાળવણી માટે કચ્છ જિલ્લામાં કાર્યરત ઔદ્યોગિક એકમોને ફરજિયાત બસો જેટલા વૃક્ષોનું વાવેતર કરવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે અને તે વૃક્ષ ઉછેર કરીને જીપીસીબીની વેબસાઈટ પર મૂકવાની રહેશે.

ગ્લોબલ વોર્મિંગની અસરને ટાળવા રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા મોટા પાયે વૃક્ષોના રોપાંઓનું વાવેતર કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લામાં પર્યાવરણની જાણવણી કરવા વધુને વધુ વૃક્ષ ઉછેર કરવા જરૂરી આયોજન કરવામાં આવ્યા છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં કાર્યરત ઔદ્યોગિક એકમોને ફરજિયાત ૨૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરીને કંપનીની સાથે સમગ્ર કચ્છને નંદનવન બનાવવા જણાવાયું છે. જે વૃક્ષોનું વાવેતર કરવામાં આવે ત્યારે તેની વીડિયોગ્રાફી કરી જીપીસીબીની વેબસાઈટ પર ફરજિયાત મૂકવા જણાવાયું છે ત્યારબાદ ઔદ્યોગિક એકમોને પ્રમાણપત્ર આપવામાં આવશે. અંજાર વિસ્તરણ વિભાગ સામાજિક વનીકરણ રેન્જ દ્વારા દર વર્ષે લાખો વૃક્ષોનો ઉછેર કરવામાં આવે છે. ચોમાસમાં સામાજિક સંસ્થા, નગરપાલિકા અને ઔદ્યોગિક એકમો તે વૃક્ષો લઈ જાય છે અને વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણ કરે છે. જોકે, હાલે જિલ્લાની શાળાઓ અને કોલેજમાં પણ મોટા પાયે વૃક્ષારોપણ કરવાની કામગીરી જિલ્લાનાં શિક્ષણ તંત્ર દ્વારા હાથ ધરાઈ છે અને કચ્છમાં વધુને વધુ વૃક્ષ વાવેતરના પ્રયાસો થયા છે.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૨૩/૦૬/૨૦૨૧

HAPPY BIRTHDAY

ધીરજ શાંતિલાલ પોકાર

જન્મ તા:- ૨૩-૦૬-૧૯૭૫ રીજીયન :- DMG

કચ્છમાં ગામ:- વિથોણ હાલે:- ખેડ (રત્નાગિરી)

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

૧) કચ્છ ગુજરાત સનાતન સમાજના મહામંત્રી ૨૦૦૯ થી અત્યાર સુધી
૨) ખેડ યુવા મંડળ ના પ્રમુખ ૨૦૧૪ થી ૨૦૧૬
૩) રત્નાગિરી-સિંધુદુર્ગ જીલ્લા પાટીદાર યુવા સંઘ ના ખજાનચી ૨૦૧૪ થી ૨૦૧૬
૪) DMG રિજિયન ના યુવા ઉત્કર્ષ ના કન્વીનર ૨૦૧૪ થી ૨૦૧૬ અને ૨૦૧૬ થી ૨૦૨૦

માબાપને ભૂલશો નહી

જીવતાં મા-બાપ ને સ્નેહથી સાંભળશો,
ગુમાવ્યા પછી "ગીતા" સાંભળવાનો
શું અર્થ ?

સાથે બેસી જમવાની એમની ઈચ્છા
પ્રેમથી પુરી કરજો,
પછી ગામ આખાને લાડવા જમાડવાનો
શું અર્થ ?

વ્હાલ ની વર્ષા કરનાર ને વ્હાલથી
ભીંજવી દેજો,
ચીર વિદાય પછી આંસુ સારવાથી
શું અર્થ ?

ઘરમાં બેઠેલા મા-બાપ રૂપી ભગવાનને
ઓળખી લેજો,
પછી અડસઠ તીર્થ ફરવાનો
શું અર્થ ?

સમય કાઢી વૃધ્ધ વડલાં પાસે બેસી જાશો,
પછી બેસણાં માં ફોટા સામે
બેસવા બેસાડવાનો
શો અર્થ ?

લાડકોડ પુરનાર માબાપને સદાય
હૈયામાં રાખજો,
પછી દિવાન ખંડમાં તસવીર રાખવાનો
શું અર્થ ?

હયાતીમાં જ હૈયું એમનું ઠારી સેવાનું
સુખ આપજો,
પછી ગંગાજળમાં અસ્તી પધરાવવાનો
શું અર્થ ?

માવતર એજ મંદિર એ જ સનાતન સત્ય
રાખજો,
પછી રામ નામ સત્ય બોલવાનો
શું અર્થ ?

માબાપને ભૂલશો નહીં
- લીલાબેન રમેશ વાસાણી,
નાશિક.

ઓલિમ્પિક્સમાં ભારતીય ખેલાડીઓમાં હરિયાણાના ૧૯ મહિલા ખેલાડીની પસંદગી

મારી છોરીયા છોરો સે કમ હૈ કે.....

તા. ૨૨ ટોકિયો ઓલિમ્પિકમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓમાં હરિયાણાનો ફરી એક વખત દબદબો જોવા મળ્યો છે.

આમિરખાનની ફિલ્મ દંગલના ડાયલોગ..મારી છોરીયા છોરો સે કમ હૈ કે...ને હરિયાણાની દીકરીઓએ સાબિત કરી બતાવ્યો છે. આ રાજ્યની ૧૬ મહિલા ખેલાડીઓએ ઓલિમ્પિકમાં વિવિધ રમતો માટે ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યુ છે. જ્યારે હરિયાણાના ૧૩ પુરુષ ખેલાડીઓ ઓલિમ્પકમાં ભારત વતી ભાગ લેશે. હોકી ટીમની પસંદગી થઈ તે પહેલા આ રાજ્યના ૧૮ પ્લેયર્સ ઓલિમ્પિક રમવાના હતા પણ મહિલા હોકી ટીમની જાહેરાત બાદ હરિયાણાની મહિલા ખેલાડીઓની સંખ્યા વધી છે. ગયા વખતે ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓમાં હરિયાણાના ૧૮ ખેલાડીઓ હતા. આ વખતે સંખ્યા વધી છે. ઉલ્લેખનીય છે કે, હરિયાણા રાજ્ય કદમાં નાનુ છે પણ સ્પોર્ટસમાં પાવર હાઉસ મનાય છે.

દર વખતે હરિયાણાના ખેલાડીઓનો રાષ્ટ્રિય સ્તરની ટુર્નામેન્ટોમાં પણ દબદબો રહેતો હોય છે.



More than 900 Temples carved 2000 feet above sea level, and that too 900+ years ago.

It's an incredible piece of engineering and craftsmanship that human beings displayed on the mountain.

The World's only mountain that has more than 900 Temples. Palitana, Gujarat.

#positivevibes
#maskup
#incredibleindia

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તા. ૨૨/૦૬/૨૦૨૧ મંગળવાર

સ્વ. કિશનભાઈ શંકરલાલ માકાણી
ઉંમર : ૨૦ વર્ષ,
કચ્છમાં ગામ : નેત્રા (માતાજી ના)
હાલે : ચિતલ (સૌરાષ્ટ્ર)
અવસાન : માનસિક વિકલાંગતા (જન્મ થી)

સ્વ. જાદવજીભાઈ મનજીભાઈ દિવાણી,
ઉંમર : ૫૭ વર્ષ,
કચ્છમાં ગામ : દેશલપર (ગુંતલી)
હાલે : ઈચલકરંજી

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ

www.jeevansparsh.com

- Corporate Club Member - **LIC OF INDIA**
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA

Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...